જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૧૭/૧૫**

### ગેરકાયદેસર ના એક દેશી બનાવટના તમંચા સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસ.ઓ.જી. અમદાવાદ શહેર.

મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ આગામી દિવસોમાં ભારતીય પ્રવાસ દિવસ અનુસંધાને ભારતના વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી નાઓ તથા વિદેશના મહાનુભાવો અમદાવાદ શહેર તથા ગાંધીનગરની મુલાકાતે પધારનાર હોઇ જે અનુસંધાને તકેદારી જાળવવા સારુ તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા તથા એસ.ઓ.જી.ને લગતા હેડની કામગીરી કરવા સારું પોસઇ શ્રી કે.એચ.રાઠોડ નાઓ પોતાના સ્કોડના માણસો સાથે આજરોજ તા.૨/૧/૨૦૧૫ ના રોજ પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન સ્ટાફના પો.કો. કનકસિંહ નટવરસિંહ નાઓ થકી મળેલ બાતમી હકીકત આધારે એક ઇસમ નામે રમજાની ઉર્ફે રમજુ મુસાભાઇ મનસુરી ઉવ.૨૮ રહે. બી/૧૬૭ સંકલીતનગર કબ્રસ્તાન રોડ જુહાપુરા અમદાવાદ શહેર નાને જુહાપુરા ચાર રસ્તા ખાતે જાહેર માંથી એક દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૧૫૦૦/- ની સાથે પકડી અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ નાઓએ હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.